# 13

**શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત**

***15/4/1187: શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૩૦૪(અગ્રતા–૧૧૫) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાથી ટેટ-૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાયેલ તે અન્વયે પરીક્ષા સભંવિત માસ મે/જુન-૨૦૨૩માં લેવાનું આયોજન હતું તે પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયારે લેવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લે ટેટ-૧ પરીક્ષા તા.૧૬/૦૪/૨૦૨૩ના રોજ લેવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓએ ભાગ લીધો, તે પૈકી કેટલી પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા, | (૨) | ઉક્ત પરીક્ષામાં કુલ ૭૩,૨૭૧ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ૨,૭૬૯ પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા. |
| (૩) | ઉકત પાસ જાહેર થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નોકરી અંગેના નિમણૂંકો પત્રો આપવામાં આવ્યા? | (૩) | શૂન્ય. |

--------------------